ગુજરાતી અનુવાદ
મુંમ્બઇ મીરર, ૨૨/૫/૨૦૧૬.

http://www.mumbaimirror.com/mumbai/others/I-want-to-free-community-from-oppressive-practices/articleshow/52380694.cms

વિશિષ્ટ ઇન્ટરવ્યૂ
સૈયદના તાહેર ફખરુદ્દીન
પ્રમીલા ભટ્ટ સાથે.
સૈયદના તાહેર ફખરુદ્દીન દાઉદી વોહરા સમુદાયના 54 આધ્યાત્મિક નેતા પદ માટે દાવેદાર, આધુનિક માણસ છે અને પરંપરાગત સમુદાય ના ચહેરા ના પડકારરૂપ પરિવર્તન ના કાર્યમાં રોકાયેલા છે.

તેઓ એ તેમના કાર્યમાં સમસ્યા ઉકેલવા માટે અલગ દ્રષ્ટિકોણ અપનાવ્યો છે: ઓસ્ટ્રેલિયા માં બોર્ડિંગ શાળા માં શિક્ષણ, કેલિફોર્નિયામાં સક્રિય ખેતીવાડી ના કામમા વ્યસ્થ, અને યુએસએમાં એક તરફ સતત નફાકારક હેજ ફંડના સ્થાપક અને ઇસ્લામિક વિજ્ઞાનમાં ઊંડા તાલીમ લેનાર,અને બીજી તરફ ફાતેમી ફિલસૂફી અને ઓરિયેન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડીઝ (એસઓએએસ) ના લન્ડન યુનિવર્સિટી પ્રતિષ્ઠિત શાળા થી અરબી સાહિત્યમાં એમ.એ. ક્યું છે.

તેઓના પિતા ખોઝેમાં કુતુબુદ્દીન, જેઓ માર્ચ માં યુએસએ માં મૃત્યુ પામ્યાં, તેમના ભત્રીજા સાથે કડવા ઉત્તરાધિકાર ના પદ માટે યુદ્ધ માં ભીદાયા હતા,સૈયદના મુફ્ફદલ સૈફુદ્દન, જેઓ ૨૦૧૪ માં ૫૩ માં દાઇ ના રૂતબા માં કાઇમ થયા. તાહેર ફખરુદ્દીન માત્ર તેના પિતા પાસેથી વારસો લીધો નથી, પણ બોમ્બે હાઇ કોર્ટ ખાતે ઉત્તરાધિકાર યુદ્ધ લડવા નું પણ ચાલુ રાખ્યું છે.

સૈયદના ફખરુદ્દીન ઇસ્લામિક પરંપરાઓ સાથે જોડાઇને ઊર્જા અને જોમ ફરી તેના કારયાલય માં લાવવા માંગે છે. બહુમતી અને સહનશીલતા ના અભિપ્રાય ધરાવતા,તેઓ માને છે કે મુસલમાનો (અને કોઇ પણ સમુદાય ના ભક્ત માટે) એક મોટી ભૂમિકા ભજવવા માટે બહાર જવું, તમારા હાથે પરીશ્રમ કરવો અને મોટા પાયે વિશ્વ માટે હકારાત્મક તફાવત લાવવો.

પ્ર. એક સપ્તાહ પહેલાં તમોએ એક સીમાચિહ્ન નિવેદનમાં એફ.જી.એમ. (સ્ત્રી ખતના) ભયાનક અને ઇસ્લામ ના સિદ્ધાંતોથી વિપરીત છે એમ કહેલું. શુ આ વલણ એક મુખ્ય બદલાવ છે?

જ. નેતૃત્વ સિદ્ધાંતો સાથે સમાધાન કર્યા વિના વાસ્તવિક જીવન સમસ્યાઓ માટે વ્યવહારુ ઉકેલો પૂરા પાડે છે, અને તે મેં કર્યું છે. બાલીકાઓને તેઓની બાલ અવસ્થામાં ખતના કરી

તેઓને ઇજા ન પહોચાડીને એ નિર્ણય બાલીકા પુખ્ત વયની થયા પછી તેના પર છોડી દેવામાં આવે. સ્ત્રી ખતના હાલમાં જે રીતે થાઇ છે તે ઇસ્લામ ના સિદ્ધાંતોથી ભયાનક અને વિપરીત છે.

પ્ર. તમે ઇસ્લામ ના સિદ્ધાંતોથી વિપરીત શબ્દ નો ઉપયોગ કર્યો?

જ. સંપૂર્ણપણે, ખતના ની પ્રથા નો હેતુ સત્તા કે પ્રભાવ થી સ્ત્રી ઓને અટકાવવા માટે નથી પણ વૈકલ્પિક પ્રક્રિયા હેતુ છે - અને હું અમારા પ્રાચીન ગ્રંથો માંથી ટાંકુ છુ - 'મહિલાઓ માટે વધુ આનંદ પૂરો પાડે છે જ્યારે તેઓ તેમના પતિના સાથે હોઇ છે. આ તબીબી અને કાનૂની રીતે મંજૂર કાર્યવાહી છે કે જે વિવિધ ધર્મો અને સમુદાયો ની ઘણી સ્ત્રીઓ પસંદ કરે છે. હું ફરી પાછુ કહું છું કે આસ્થા કે વિશ્વાસ માં જબરદસ્તી નથી, ધાર્મિક નેતા ગ્રંથો વાંચવા માટે પ્રગતીશીલ હોવા જ જોઈએ અને વિશ્વાસ સુસંગતતા જાળવી રાખવા માટે ઝડપથી વિકસતા સમય અનુસાર યોગ્ય અર્થઘટન કરવું જોઇયે. અને મોકાઓ ઉપર કહેવા માં આવ્યું છે કે ઇસ્લામ નો દયાળુ ચહેરો – "રેહમત" જે કુરાન માં પણ કહેવામાં આવ્યુ છે - તેને ભાર પુરવક પુનઃસ્થાપિત કરવાની જરૂર છે.

પ્ર. આ નિર્ણય તમે તમારી જાતને અને સમુદાય ને કઇ દિશામાં લઇ જવા માંગો છો તે સૂચક કરે છે.

જ. તે ચોક્કસપણે પ્રાથમીકતા નુ સૂચક છે. પ્રાથમીકતા, અગ્રતા અને દમનકારી વ્યવહાર થી સમુદાય ને મુક્ત કરવા ની છે. સમુદાય ને અગાઉ જે પથ ઉપર હતો – દૂરદ્રષ્ટિવાળો – તે કાયમ કરવાની છે. પ્રાથમીકતા, સ્વાર્થ ના કારણે અન્ય લોકો અથવા સંસ્કૃતિ થી અલગતાવાદ ને દુર કરી સંકલિત કરવાની છે. પ્રાથમીકતા, જ્યાં અમને લેનાર નહી આપનાર તરીકે જોવામાં આવે. પ્રાથમીકતા, સમુદાયના બહારના થી ભેદભાવ રાખનાર નહ્રી પણ પ્રગતિશીલ સમાજના ઉત્પ્રેરક તરીકે અમને ગણાવવાની છે.

પ્ર. કેટલુંક વહીવટી પરિવર્તન – જે તમે છો - પ્રથમ સ્થાને લાવવુ શક્ય છે.

જ. સરસ સવાલ. છેલ્લા થોડા વર્ષોમાં, વોહરા સમુદાયના અંદર શાસનની સંપૂર્ણ હત્યા કરવામાં આવી છે. સમુદાયમાં માથા ભારે તત્વો એ ધર્મનિષ્ઠા અને જ્ઞાન ના બદલે પૈસા અને સત્તા ને તેમની સિદ્ધિ બનાવી છે. તેઓ પરદા પાછલ રહી કામ કરતા પરંતુ ૫૨ મા દાઇના ૨૦૧૪ માં નીધન પછી તેઓ આખીર મારા વાલીદનો વીરોધ કરવા જાહેર માં આવ્યાં, જેઓ ૫૨ માં દાઇના ૫૦ વરસ સુધી નાયબ હતા. મારા વાલીદ સૈયદના ખોઝેમાં કુતુબુદ્દીને મુંમ્બઇ હાઇકોર્ટમાં તેમના સામે મુક્કદમો દાખલ કરેલ છે, અને હવે, હાલમાં

મારા વાલીદનું દુંખદ અવસાન થતા, હું સત્ય અને સિદ્ધાંત માટે અને દાઉદી વોહરા સમુદાયના ભવિષ્ય ની સુખાકારી માટે લડાઈ ચાલુ રાખવા માંગુ છુ. સમુદાય અને ધર્મ ની પ્રથા ને તેઓએ વેપારી સંગથન બનાવી દીધું છે.  તેમા ફેરફાર કરવુ અત્યંત આવશ્યક છે, અને તે ફેરફાર ઘર માં થીજ શરૂ કરવાની જરૂર છે .

પ્ર. શા માટે આ હિતાવહ છે?

જ. કારણ કે સમય પસાર થઇ રહ્યો છે. લોકો ઘણા સમુદાય થી માયુસ થઇ ગયા છે. (આયોજીત સમુદાય થી પણ). આયોજીત સમુદાયમાં જે ભ્રષટાચાર જોવાઇ છે – અને અહીં હું વધું એના વિષે વાત કરીશ જેમાં હું મોટો થયો છુ – તે હાલ જે જાહેર જીવન માં દેખાય છે તેનાથી અનેક ઘણો વધારે છે. એક બાજુ આ માયુસી ઊગ્રવાદ તરફ લઇ જાય છે, તો બીજી તરફ મૂલ્યો થી દુર કરે છે. ધર્મમાં આધુનીકતા અને સાશન ની જરુર છે. ધર્મ ના સાશકો એ પહેલ કરી સુધારવું જોઇયે.

પ્ર. તો કઇ જાતના સુધારાઓ તમે કાયમ કરવા માંગો છો?

જ. મારો મોટો પડકાર યુવા પેઠી સાથે જોડાવા નો રેહશે. યુવા પેઠી સાથે જોડાવા માટે એવું વાતાવરણ બનાવવું પડશે જેથી તેઓ તેના લક્ષને પામી શકે. તેમના લક્ષ સુધી પહોંચવાં માટે તેમને આવશ્ક માર્ગદર્શણ અને પરામશ્ર મૂલ્યોને આધીન રહીને આપવું જોઇયે. એમની ભાષામાં સમજાવવું. એમનાથી આમને શામને થાવું. ધર્મના અનુયાઇ ઓને આસ્થા ના વર્ગિકરણ માટે અલગ રંગોના પહેચાન પત્રો ન આપવા. દાદાગીરી થી પડોશીઓ અને કુંટુંબીઓ પાસે જાસુસી કરાવી પાલન ન કરાવવું. માતા પિતાને ના કહેવું કે દિકરીઓ ને ફ્કત હોમ સાયન્સ જ પધાવે કે જેથી તેઓ ફ્કત “ઘરના ખુણામાં” બંધાઇ રહે. અને ચોક્કસપણે કોઇના નિધન ઊપર (જે તદ્દન તમારા વિચારધારાથી સંમત નથી) ફટાકડા ફોડવા અને પુટલા બાલવા નહી. તેથી શાસન ના માળખાની પ્રથમ જરૂરત છે કે સ્થાપિત અને અગ્રીમ વિચારધારાથી જીત મેળવવી. એક સરેરાશ અવાજ ને સાંભલવા ની જરુરત છે.

પ્ર. સરેરાશ?

જ. જરૂર, માન્યતા એમ વધે છે કે ધર્મ એ એક કાલુ કે સફેદ છે. વચ્ચેનો માર્ગ ચલણ માંજ

નથી. હકિકતમાં, આજકલ ધર્મને કરુણા તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે તો ભવરો ઊંચી થઇ જાય છે. આ ઉદાસીન વાસ્તવિકતા છે કારણ ધર્મ “સામહા” – જેનો વાસ્તવીક અર્થ મુક્તિ છે. કુરાન અમારા ધાર્મિક નેતાઓને 'મધ્યમ પાથ ના લોકો'તરીકે સંબોધે છે જે ઘણા લોકો જાણતા નથી. ધર્મ કંઇ નાફરમાન લોકોને લાકડીથી દરાવવાનુ સાધણ નથી. ધર્મને એક આશ્રયસ્થાન તરીકે જોવાની જરુર છે - સૌમ્ય અને ઉપકારક. દુર્ભાગ્યે, અને અહીં હું મારો સમુદાય ની વાત કરીશ, ધર્મ આદેશો, સિધ્ધાંતો, જાસુસી અને દર તરીકે ઓલખાતો થઇ ગયો છે.

પ્ર. તમારૂ વર્તન એક વિવેચક જેવું છે. તમે એવું શુ ખરેખર કર્યું છે જેથી તફાવત દેખાય આવે તે મને બતાવો?

જ. અમારા ઈતિહાસમાં પહેલીવાર, અમે અમારા સમુદાયનો વાર્ષિક અહેવાલ પારદર્શકતા વધારવા માટે અને સુસાસનના ઉદ્દેશ સાથે પ્રગત કર્યો છે. (આ બે શબ્દ તમોને દાઊદી સમાજના એક સમાન વારસાવાલા કોઇ પણ ઘટકમાં સાંભલવા નહી મલે). અમે જકાતના હિસાબ માટે ઓન લાનઇ અને ઓફ લાઇન કેલક્યુલેટર નુ પ્રકાશન કર્યું છે જેથી અમારા સભ્યો પોતેજ જકાતનો હિસાબ કરી શકે. (ન કે દબાવ માં આવી ને મનસ્વી રકમ ભરે). અમે ઈન્ટરનેટ, સ્કાઇપ અને યુટ્યુબ નો ઉપયોગ વિસ્તૃત રીતે ઉપદેશો, પાઠ તથા સામાન્ય વ્યવહાર માટે કરીયે છે. અમે મહિલાઓ ના મુદ્દાઓ અને મહિલાઓ ના અધિકાર વિષે પૂરુ માર્ગદર્શન આપવાનુ શરૂ કર્યું છે જે (અમારા સમાજમાં) અશક્ય છે. અમે ઇસ્લામિક ફાઇનાન્સ વિષય પર લાંબા સમયથી ગેરસમજણો નો ઉકેલ લાવી રહ્યા છે, જે સમાજના ઉગ્રવાદીઓને સાંભળવુ છે તેનાથી સંપ્રુણ વિપરિત હશે. આ માત્ર એક સંકેત છે તાત્કાલિક જરૂરિયાત માટે સમુદાય ને ફરી પાછુ પતરી પર ચઠાવવાનો જેથી તે ફરી પાછા જેમ હંમેશા હતા તેમ બની રહે - એક ઉદાર ચહેરો ઉદાર ધર્મનો.